©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 08th AUGUST, 2025/SRAVANA 17, 1947 [No. 4929

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦(૧) અને ૫૨

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬(૧) અને ૨૬(૩)

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮ (કોઠારીયા)

નં. નરયો/૩૮ (કોઠારીયા)/પ્રસિદ્ધ/૧૮૪૬/૨૦૨૫.-હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર નિયોજક-૧, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ સદરહું યોજના વિસ્તારના તમામ જમીન માલિકો અને હિત સંબંધ ધરાવતી તમામ વ્યકિતઓને જણાવુ છું કે, ગુજરાત સરકારશ્રીના તા. ૦૩-૦૭-૨૦૨૫ ના અસાધારણ રાજયપત્ર ભાગ-૪ બી ના પાના નં. ૨૭૬-૧ થી ૨૭૬-૩ ઉપર પ્રસિધ્ધ કરેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરની તા. ૦૨-૦૭-૨૦૨૫ ની અધિસૂચના ક્રમાક : જીએચ/વી/૨૦૨૫ નો ૨૨૧/UDUHD/TPS/e-file/18/2024/0839/L થી મારી હોદ્દાની રૂએ નગર રચના અધિકારી, તરીકે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮(કોઠારીયા)ને આખરી કરવા અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦ ની પેટા કલમ-૧ હેઠળ નિમણુંક કરેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૧ ની જોગવાઈ મુજબ જરૂરી છે એ પ્રમાણે હું આથી નોટીસ આપું છું કે, તા. ૦૭-૦૮-૨૦૨૫ ને ગુરુવારના રોજ નગર રચના અધિકારી તરીકે મારી ફરજો સંભાળી લીધેલ છે.

સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮(કોઠારીયા)ના વિસ્તારમાં કોઠારીયા ગામના રેવન્યુ સર્વે નં. ૨૫૪ થી ૨૫૭, ૨૬૭ થી ૨૮૧, ૨૮૩ થી ૨૯૭, ૨૯૯, ૩૦૨, ૩૦૩/૨, ૩૩૩ થી ૩૩૮ તથા સરકારી સર્વે નં. ૩૫૨ પૈકીની જમીનનો સમાવેશ થાય છે. તેની હદ વિસ્તાર (ચતુ:સીમા) નીચે પ્રમાણે છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮ (કોઠારીયા)નો હદ વિસ્તાર (ચર્તુ:સીમા)

ઉતરે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦(કોઠારીયા) ની હદ આવેલ છે.

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯(કોઠારીયા) ની હદ આવેલ છે.

પૂર્વે : ખોખડદડી નદી તથા ત્યારબાદ ગામ કોઠારીયા નાં સર્વે નંબર આવેલ છે.

પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧(કોઠારીયા) ની હદ આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૩ ની જોગવાઈ મુજબ જરૂરી છે, એ પ્રમાણે સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮(કોઠારીયા)માં સમાવિષ્ટ બાબતો પૈકી કોઈ પણ બાબતમાં હિત ધરાવતી અથવા તેનાથી અસર પામતી તમામ વ્યકિતઓને આથી હું જણાવુ છું કે, તેમણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨માં જણાવેલ બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયા તારીખથી ૨૦ દિવસની અંદર, તેમના લેખિત વાંધા અને રજુઆતો જરૂરી અધિકૃત માલિકી આધાર-પુરાવા અને દસ્તાવેજો સહિત મારી સમક્ષ રજુ કરવા, તેમજ ઉક્ત મુસદ્દારૂપ નગર રચના યોજનાને કારણે કોઈ વ્યક્તિઓને નુકશાનકારક અસર પહોચી હોય તો તે સદર અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાની મેળવવાને હકકદાર છે અને આવી વ્યક્તિઓએ આ અધિસુચના ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ મહિનાની અંદર તેમના હક્ક-દાવા જરૂરી દસ્તાવેજો પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ રજુ કરવા. સરકારશ્રી દ્વારા તા. ૦૨-૦૭-૨૦૨૫ ના રોજ મંજુર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮(કોઠારીયા)ની એક નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશા, ફોર્મ સહિત જાહેર રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન નગર રચના અધિકારીની નીચેના સરનામે આવેલ કચેરીમાં ખુલ્લી રાખવામાં આવેલ છે અને આ જમીનોમાં હિત ધરાવતી તથા નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામનાર પ્રત્યેક વ્યકિતને આ યોજનાનું નિરિક્ષણ કરવાની વિનંતી કરવામાં આવે છે. કચેરીમાં યોજનાની દરખાસ્તો સમજુતી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૦૭-૦૮-૨૦૨૫

એમ. આર. મોણવેલવાલા
નગર રચના અધિકારી
નગર નિયોજક-૧
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ

કચેરીનું સરનામુ :
નગર રચના અધિકારી, નગર નિયોજક-૧, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ,
આર.એમ.સી.મલ્ટીએક્ટીવીટી સેન્ટર, પ્રથમ માળ, નાના મવા સર્કલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.
C/o. ''રૂડા'' બિલ્ડીગ, છઠ્ઠો માળ, શ્રી ચિમનભાઈ પટેલ વિકાસ ભવન,જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦(૧) અને ૫૨

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬(૧) અને ૨૬(૩)

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯ (કોઠારીયા)

નં. નરયો/૩૯ (કોઠારીયા)/પ્રસિદ્ધ/૧૮૪૩/૨૦૨૫.-હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર નિયોજક-૧, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ સદરહું યોજના વિસ્તારના તમામ જમીન માલિકો અને હિત સંબંધ ધરાવતી તમામ વ્યકિતઓને જણાવુ છું કે, ગુજરાત સરકારશ્રીના તા. ૦૩-૦૭-૨૦૨૫ ના અસાધારણ રાજયપત્ર ભાગ-૪ બી ના પાના નં. ૨૮૨-૧ થી ૨૮૨-૩ ઉપર પ્રસિદ્ધ કરેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરની તા. ૦૨-૦૭-૨૦૨૫ ની અધિસૂચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૨૨૭/UDUHD/TPS/e-file/18/2024/0841/L થી મારી હોદ્દાની રૂએ નગર રચના અધિકારી, તરીકે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯(કોઠારીયા)ને આખરી કરવા અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦ ની પેટા કલમ-૧ હેઠળ નિમણુંક કરેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૧ ની જોગવાઈ મુજબ જરૂરી છે એ પ્રમાણે હું આથી નોટીસ આપું છું કે, તા. ૦૭-૦૮-૨૦૨૫ ને ગુરુવારના રોજ નગર રચના અધિકારી તરીકે મારી ફરજો સંભાળી લીધેલ છે.

સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯(કોઠારીયા)ના વિસ્તારમાં કોઠારીયા ગામના રેવન્યુ સર્વે નં. ૨૯૮, ૩૦૦, ૩૦૧, ૩૦૮ થી ૩૩૨ તથા સરકારી સર્વે નં. ૩૫૨ પૈકીની જમીનનો સમાવેશ થાય છે. તેની હદ વિસ્તાર (ચતુ:સીમા) નીચે પ્રમાણે છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯(કોઠારીયા)નો હદ વિસ્તાર (ચતુ:સીમા)

ઉતરે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૮(કોઠારીયા) ની હદ આવેલ છે.

દક્ષિણે : લાગુ ખોખડદડ ગામનાં સર્વે નંબર આવેલ છે.

પૂર્વે : ખોખડદડી નદી તથા ત્યારબાદ ગામ કોઠારીયા અને લાપાસરીના સર્વે નંબર આવેલ છે.

પશ્ચિમે : ગામ કોઠારીયાનાં સર્વે નંબર આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૩ ની જોગવાઇ મુજબ જરૂરી છે, એ પ્રમાણે સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૯(કોઠારીયા)માં સમાવિષ્ટ બાબતો પૈકી કોઇ પણ બાબતમાં હિત ધરાવતી અથવા તેનાથી અસર પામતી તમામ વ્યકિતઓને આથી હું જણાવુ છું કે, તેમણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨માં જણાવેલ બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં આ અધિસુચના પ્રસિદ્ધ થયા તારીખથી ૨૦ દિવસની અંદર, તેમના લેખિત વાંધા અને રજુઆતો જરૂરી અધિકૃત માલિકી આધાર-પુરાવા અને દસ્તાવેજો સહિત મારી સમક્ષ રજુ કરવા, તેમજ ઉક્ત મુસદ્દારૂપ નગર રચના યોજનાને કારણે કોઇ વ્યક્તિઓને નુકશાનકારક અસર પહોચી હોય તો તે સદર અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાની મેળવવાને હકકદાર છે અને આવી વ્યક્તિઓએ આ અધિસુચના ગુજરાત સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩ મહિનાની અંદર તેમના હક્ક-દાવા જરૂરી દસ્તાવેજો પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ રજુ કરવા. સરકારશ્રી દ્વારા તા. ૦૨-૦૭-૨૦૨૫ ના રોજ મંજુર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯(કોઠારીયા)ની એક નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશા, ફોર્મ સહિત જાહેર રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન નગર રચના અધિકારીની નીચેના સરનામે આવેલ કચેરીમાં ખુલ્લી રાખવામાં આવેલ છે અને આ જમીનોમાં હિત ધરાવતી તથા નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામનાર પ્રત્યેક વ્યકિતને આ યોજનાનું નિરિક્ષણ કરવાની વિનંતી કરવામાં આવે છે. કચેરીમાં યોજનાની દરખાસ્તો સમજુતી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૦૭-૦૮-૨૦૨૫

એમ. આર. મોણવેલવાલા
નગર રચના અધિકારી
નગર નિયોજક-૧
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ

કચેરીનું સરનામુ :
નગર રચના અધિકારી, નગર નિયોજક-૧, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ,
આર.એમ.સી. મલ્ટીએક્ટીવીટી સેન્ટર, પ્રથમ માળ, નાના મવા સર્કલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.
C/o. ''રૂડા'' બિલ્ડીગ, છઠ્ઠો માળ, શ્રી ચિમનભાઈ પટેલ વિકાસ ભવન,જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.08.12 09:03:40 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot